## પ્રકરણ - ૧૦

**'ચિત્રાભિનય' અંતર્ગત વાચિક અભિનય:**

નાટ્યપ્રયોગને શ્રૃંખલાબધ્ધતા તથા ગતિ પ્રદાન કરવા માટે ભરતમુનિએ 'ચિત્રાભિનય' અધ્યાય અંતર્ગત કેટલાક વિશિષ્ટ અભિનય શિલ્પ વર્ણવ્યા છે જે વસ્તુત: વાચિક અભિનય સાથે સંકળાયેલા છે.

વાચિક અભિનયના આ વિશિષ્ઠ શિલ્પના પ્રયોગ ધ્વારા પાત્રની અન્ ઉપસ્થિતિ અથવા ભુતકાળની ઘટના તથા સીમિત પ્રેક્ષકવર્ગ અથવા પાત્રો માટે નાટ્યપ્રયોગો શ્રાવ્ય કથા અંશોનો સંકેત કરવામાં આવે છે, એટલે કેટલાક વિવેચકો તેને નાટ્યોક્તિના વિવિધ પ્રકાર પણ કહે છે.

આકાશવચન, આત્મગત, અપવારિતક તથા જનાન્તિક - વાચિક અભિનયના આ કેટલાક વિશિષ્ટ પ્રયોગ છે કે જે વાસ્તવમાં માનવીય જીવન-પ્રકૃતિને અનુકુળ હોતા નથી પણ નાટ્યધર્મી પ્રભાવને લીધે પ્રયોગકાળ દરમ્યાન તે પ્રેક્ષકોને સંભવિત લાગે છે.

ધનંજયે તેને નાટ્યધર્મ દૃષ્ટિએ કથાવસ્તુની ત્રણ શૈલી અથવા ત્રણ અંગો માન્યા છે. (દશ.રુ.૧/૬૩). સાહિત્યદર્પણકારે તેને 'નાટ્યોક્તિ'ના વિભિન્ન ભેદ ગણાવ્યા છે. (સા.દ.૬/૧૩૭) નાટ્યદર્પણકારે તેને 'વૃત્તભેદ' તરીકે ઓળખાવ્યા છે. (ના.દ.૧/૧૦) ભાવપ્રકાશન પ્રમાણે તે 'સુચ્ય' તથા 'દૃશ્ય' વસ્તુના શ્રાવ્ય અને અશ્રાવ્ય એવા બે ભેદ છે.

એક રીતે જોવા જઇએ તો આ ગોપનીય વાત પ્રકટ કરવાની વિભિન્ન શૈલીઓજ છે. સંસારમાં બને છે તેમ નાટકમાં પણ કેટલીક વાતો એવી હોય છે કે જે એક પાત્રથી કે અન્ય પાત્રોથી છુપાવીને કહેવાની હોય છે. તેને અભિવ્યક્ત કરવા માટેની આ નાટકીય અભિવ્યક્તિની શૈલીઓ છે. આ તમામ શૈલીઓ ધ્વારા અભિવ્યક્ત થતાં અંશો રંગમંચ ઉપર સ્થિત પાત્ર કે પાત્રો માટે 'અશ્રાવ્ય' પણ પ્રેક્ષકો માટે તો 'શ્રાવ્ય' હોય છે. પ્રેક્ષકો સાંભળી શકે તેટલા જોરથી બોલવું આવશ્યક રહે છે. અન્ય પાત્ર કે પાત્રોથી ગોપનીયતાનો ભાવ વિશિષ્ટ પ્રકારની આંગિક મુદ્રા ધ્વારા પ્રેક્ષકોને દર્શાવવામાં આવે છે જેમ કે જનાન્તિકમાં

ત્રિપતાક હસ્તના વ્યવધાન દ્વારા તથા અપવારિતમાં 'પરાવૃત્ય' દ્વારા.

અત્રે એ નોંધવું ઘટે કે ભરતમુનિએ વિભિન્ન નાટ્યોક્તિઓનો ઉલ્લેખ 'ચિત્રાભિનય' અંતર્ગત વાચિક અભિનય અંતર્ગત કર્યા છે જ્યારે પછીના નાટ્યાચાર્યોએ તેને કથાવસ્તુનું અંગ માન્યું છે અને તેનો નાટ્યધર્મ શૈલીમાં રજૂઆત કરવાનો આગ્રહ રાખ્યો છે.

આકાશ-વચન

રંગમંચ પર અપ્રવિષ્ટ પાત્ર સાથે સંવાદ યોજના તથા પ્રવિષ્ટ પાત્રથી અંતર્હિત થઇ વાક્ય યોજના 'આકાશવચન' કહેવાય છે. અહીં અન્ય પાત્રની ઉપસ્થિતિ વિનાજ ઉત્તર-પ્રત્યુત્તર શૈલીમાં નાટ્યપ્રયોગ-સંબંધિત સંવાદ પ્રયોજાય છે.
આકાશવચન' સંબંધી ચર્ચા કરતા ભરતમુનિ જણાવે છે કે :

દૂરસ્થાભાષણં યત્ સ્યાદ્ શરીરનિવેદનમ્ ।
પરોક્ષાન્તરિતં વાક્યમ્ આકાશવચનન્તુ તત્ ॥૮૫॥

દૂરસ્થ-આભાષણ, અશરીર નિવેદન તથા પરોક્ષાન્તરિત વાક્યો આકાશવચન કહેવાય છે. 'દૂરસ્થ-આભાષણ' એટલે દૂર સ્થિત વ્યક્તિ સાથે સંભાષણ', 'અશરીરનિવેદન' એટલે અપ્રવિષ્ટ - નહીં પ્રવેશેલી વ્યક્તિ સાથે સંભાષણ અને 'પરોક્ષાન્તરિત' એટલે કોઇને પરોક્ષ રીતે સંબોધવું, આ બધાને તેઓ આકાશ-વચન તરીકે ઓળખાવે છે. તેની પ્રયોગવિધિ વિશે જણાવતા ભરતમુનિ વિધાન કરે છે કે -

તત્રોત્તરકૃતૈર્વાક્યૈઃ સંલાપં સમ્પ્રયોજયેત્ ।
નાના-કારણ સંયુક્તૈઃ કાવ્યભાવસમુત્થિતૈઃ ॥૮૬॥

આ પ્રકારના સંભાષણોમાં નાટકના અર્થ પ્રમાણે (કાવ્યભાવસમુત્થિત) વિવિધ પ્રશ્નોત્તર દ્વારા ઉત્તરોત્તર વાક્યોની યોજના કરવી જોઇએ.

'આકાશ વચન' માટે ધનંજય 'આકાશભાષિ' શબ્દ પ્રયોજે છે. તેનું લક્ષણ નિરુપતાં તેઓ જણાવે છે કે જ્યારે ઉપર જોઇ, એકાકીપણે કોઇ પાત્ર અન્ય પાત્રને કહયા વિના કે સાંભળ્યા વિના સાંભળવાનો અભિનય કરતાં સ્વયં પ્રશ્નોને દોહરાવે છે અથવા તેનો ઉત્તર આપે છે તો તેને આકાશભાષિત કહે છે. (દશરુપક પ્રથમ પ્રકાશ-૬૭)

'આકાશભાષિત' નું લક્ષણ <u>સાહિત્યદર્પણમાં</u> આ પ્રમાણે નિરુપવામાં આવ્યું છે. 'અન્ય કોઇ પાત્ર વિના, વણકહેલી વાતને સાંભળતાં હોઇએ તેમ 'શું કહો છો' (કિં બ્રવીષિ) આ વાકય બોલી જો કોઇ પાત્ર પોતાની વાત કહે તો તેને 'આકાશભાષિત' કહે છે. (સાહિત્યદર્પણ ૬ ઠ્ઠો પરિચ્છેદ ૧૩૭) <u>નાટ્યદર્પણ</u> પ્રમાણે પાત્ર સ્વયં પ્રશ્ન કરે અને ઉત્તર આપે તે આકાશ-ઉકિત રંગમંચ પર પ્રવિષ્ટ પાત્ર દ્વારા જ્યારે સ્વયં પોતાની જાતે પ્રશ્ન તથા પ્રત્યુત્તર કરવામાં આવે તો તે આકાશમાં અર્થાત્ અન્ય પાત્ર ન હોવાથી શુન્યમાં કથન થવાથી આકાશોકિત કહેવાય છે. કયાંક સ્વયં ઉત્તર આપવા માટે અનુભાષણ દ્વારા બીજાનો પ્રશ્ન અને કયાંક પોતાના પ્રશ્નના ઉત્તરરુપે અનુભાષણ દ્વારા બીજાનો ઉત્તર આકાશોકિત રુપે કહેવામાં આવે છે. અનુભાષણ દ્વારા બીજાનો ઉત્તર આકાશોકિત રુપે કહેવામાં આવે છે. અનુભાષણ દ્વારા અર્થાત્ પરકીય પ્રશ્ન અથવા ઉત્તર જાતે કહી સંભળાવવા તે.

(ના.દ. ૧/૧૧ (ટીકા) )

<u>'ભાવપ્રકાશન'</u> અનુસાર વસ્તુની ચર્ચા સમાપ્ત થવાને કારણે તથા નાટ્યધર્મને લીધે આકાશભાષિત' કહે છે - જ્યાં કોઇ પાત્ર 'શું કહો છો' એમ કહેતું બીજા પાત્રની અનુપસ્થિતિમાં વાતચીત કરતું હોય તથા બીજા પાત્રના કથન વિના પણ તેને સાંભળીને કથોપકથન કરે તો તેને આકાશભાષિત કહે છે. (ભા.પ્ર. ૭ /૨૫૩)

આકાશવચન અથવા આકાશભાષિતનો વિનિયોગ રંગમંચ ઉપર પાત્રોનો કરકસર માટે થતો હોવાનું અનુમાન અસ્થાને ન ગણાય. નાટકની દૃષ્ટિએ, અલ્પ અને મામુલી હેતું માટે પાત્રનો રંગમંચ ઉપર પ્રવેશ કરાવવો આવકાર્ય ન ગણાય. કથાવસ્તુના વિકાસમાં જરુરી એવી કોઇ માહિતી કે સંદેશ અર્થે બે ચાર વાકયો બોલવા માટે રંગમંચ ઉપર પાત્રનો પ્રવેશ કરાવવો એ અનાવશ્યક ગણાય. આવા પ્રસંગોએ 'આકાશવચન' સૌથી હાથવગું સાધન બની રહે છે. અતિ દુરસ્ત પાત્ર જાણે હવામાં કે બાહય અવકાશમાં (આકાશમાં) સ્થિત રહેલું માનવામાં આવે છે. તે પાત્ર, રંગમંચની બહાર હોવાથી તથા તેનો રંગમંચ ઉપર પ્રવેશ ન થતો હોવાથી, પ્રેક્ષકો આ પાત્રને જોઇ શકતા નથી. રંગમંચ ઉપર સ્થિત પાત્ર, આવા પાત્ર સાથે સંભાષણ કરે છે, જાણે એ પેલા પાત્રને જોઇ શકતો હોય, તેના શબ્દો સાંભળી શકતો

હોય તેમ. અદૃશ્ય પાત્રનું કથન એ સ્વયં બોલે છે.'અચ્છા તો તમારું કહેવું એમ છે...'' એવી વાકયરચના વડે તે અદૃશ્ય પાત્રના કથનને પ્રેક્ષકો માટે પુન:કહી સંભળાવે છે અને આ રીતે રંગમંચ ઉપર સ્થિત એકજ પાત્ર, અદૃશ્ય પાત્રને પોતાના પ્રશ્નો પુછી અને તેના કાલ્પનિક જવાબોનું પુન:કથન કરી સંભાષણ ચલાવે છે. સંભાષણ રજુ કરવાની આ વિશિષ્ટ રીતનો સંકેત 'આકાશ ભાષિત'ની ભરતમુનિ પછી થઇ ગયેલા નાટ્યાચાર્યોએ આપેલી પરિભાષામાં પ્રાપ્ત થાય છે. રંગમંચ ઉપર સ્થિત પાત્ર અદૃશ્ય રહેલા પાત્રને પુછે છે''તમે શું કહો છો?'' અને પેલા અદૃશ્ય રહેલા પાત્રએ કશું ન કહયું હોવા છતાં જાણે એ કાલ્પનિક પાત્રએ કશો જવાબ આપ્યો હોય એવી કલ્પના કરી, એવો દેખાવ કરી, રંગમંચ ઉપર સ્થિત પાત્ર તે જવાબનું પુન:કથન કરે છે. પાત્રનો રંગમંચ ઉપર પ્રવેશ કરાવ્યા વિના, અન્ય પાત્ર ધ્વારા તેની કલ્પના કરાવી તેની સાથે સંભાષણની કાલ્પનિક યોજના કરવી આકાશભાષિત કહેવાય છે એવો ધનંજયનો મત છે. વિશ્વનાથે આપેલી પરિભાષા પણ તેને મળતી આવે છે. કયારેક કોઇ એક પાત્ર, મંચ ઉપર ન હોય એવા પાત્રને કાંઇક પુછે કિં બ્રવીષિ શું કહે છે એમ બોલી એણે આપેલો જવાબ પણ પોતે બોલે તેને આકાશભાષિતમ્ કહે છે એમ સંક્ષેપમાં કહી શકાય.

નાટકલક્ષણ રત્નકોશ' અનુસાર પાત્રના પ્રવેશ અવકાશમાં બોલાયેલી ઉકિત 'અવકાશિત' કહેવાય છે. 'નાટકલક્ષણરત્નકોશ' અનુસાર જયારે ખુબ નાની વિગત પ્રેક્ષકોને જણાવવાની હોય ત્યારે એટલી વાત જણાવવા માટે પાત્રનો પ્રવેશ કરાવવાથી કોઇ નાટ્યહેતુ સરતો નથી. આવા પ્રસંગોએ 'આકાશવાક્' કે 'નેપથ્ય ઉકિત' (પડદા પાછળની ઉકિત) વધારે નાટ્યક્ષમ નિવડે છે અને નાટ્યકારે તેનોજ વિનિયોગ કરવો જોઇએ. આકાશભાષિત, આકાશવચન, આકાશવાક્ કે નેપથ્ય ઉક્તિ જેવી નાટ્યોકિત ધ્વારા રંગવ્યાપાર Stage business માં કરકસર સાધી શકાય છે અને ક્ષુલ્લક હેતુ માટે પાત્ર પ્રવેશ ટાળી શકાય છે.

ભાણ જેવો રુપકપ્રકાર કે જેમાં એકજ પાત્ર સમગ્ર નાટકની રજુઆત કરતું હોય છે તેમાં આકાશવચન જેવી નાટ્યોકિતનો પૂર્ણપણે વિનિયોગ થઇ શકે છે. દા.ત. મહામાત્ય વત્સરાજ કૃત 'કર્પૂર ચરિત' ભાણમાં કર્પુરકની નિમ્નોકિત.

કર્પૂરક : (આકાશ તરફ) મિત્ર ચંદનક, ઊભો રહે, મારીયે સંભાળ લે. 'સાત આઠ દિવસથી જુગાર રમ્યો નથી તેથી તારું મોઢું નહિ જોવામાં આવે ?' એમ કહે છે તું ? (સ્મિતપૂર્વક) ખાલી ખીસાવાળા મને ગાળ દેવાની ન હોય. દ્રવ્યવિષયક લુચ્ચાઇની કમ વટાવતી વેળા નિંદા કરવામાં આવી છે. 'વિલાસવતીને તેં તારું હૈયું બક્ષી દીધું હોઇ તને કશું દેખાતું નથી.' એમ કહે છે તું ' (હસીને) મિત્ર, મને જાણી ગયો.

અભિજ્ઞાન શાકુંતલના ત્રીજા અંકના આરંભમાં શિષ્ય 'આકાશભાષિત' ઉક્તિમાં પ્રિયંવદા સાથે અને સાતમા અંકમાં વૃદ્ધા શાકલ્ય સાથે વાત કરે છે. ભાસ કૃત 'દૂતવાક્યમ્'માં દુર્યોધનના મંત્રસભાસ્થાનમાં મંત્રણા માટે એકત્રિત થયેલા અનેક રાજવીઓનો રંગમંચ ઉપર સાક્ષાત પ્રવેશ કરાવ્યા વિના, કેવળ દુર્યોધનની આકાશભાષિત પ્રકારની ઉક્તિના નાટ્યોચિત વિનિયોગ ધ્વારા વિવિધ રાજવીઓની ઉપસ્થિતિ ઈંગિત કરી (એકાંકીને) યોગ્ય લાઘવ સાધવામાં આવ્યું છે. આકાશભાષિતનો આવો કલાત્મક વિનિયોગ વિરલ છે.

દુર્યોધન: શ્રીમાન વૈકર્ણ અને શ્રીમાન હર્ષદેવ કહો - મારી પાસે અગિયાર અક્ષૌહિણી સેનાનો સમુદાય છે, આનો સેનાપતિ થવા કોણ યોગ્ય છે ? શું તમે એમ કહેવા માંગો છો કે 'આતો ગંભીર વિષય છે, મંત્રણા આપી મત આપવો જોઇએ ?'' બરોબર છે, તો આવો મંત્રસભાસ્થાનમાં જઇયે. આચાર્ય નમસ્કાર કરું છું. આપ મંત્રસભાસ્થાનમાં પધારો. દાદાજી, નમસ્કાર કરું છું, મંત્રસભાસ્થાનમાં પધારો. મામા, નમસ્કાર કરું છું, આપ મંત્રસભાસ્થાનમાં પધારો. શ્રીમાન વૈકર્ણ અને શ્રીમાન વર્ષદેવ, તમે અંદર આવો. અરે ઓ સર્વ ક્ષત્રિયો, તમે બેધડક અંદર આવો. મિત્ર કર્ણ, ચાલ, અંદર જઇયે. (પ્રવેશ કરી), આચાર્યજી, આ કુર્માસન, બિરાજો, દાદાજી, આ સિંહાસન, બિરાજો. મામા, આ મૃગચર્માસન, બેસો. શ્રીમાન વૈકર્ણ ને શ્રીમાન વર્ષદેવ, તમે બેઉ બેસો. અરે ઓ સર્વ ક્ષત્રિયો, તમે બેધડક થઇ બેસો. 'મહારાજ બિરાજ્યા નથી' એમ કહો છો કે ? સેવાધર્મની શી વાત કરું ? તો ત્યારે, હું બેસું છું મિત્ર કર્ણ તું પણ બેસ.

(બેસી) શ્રીમાન વૈકર્ણ અને શ્રીમાન હર્ષદેવ, કહો - મારી પાસે અગિયાર અક્ષૌહિણી સેનાનો સમુદાય છે. આનો સેનાપતિ થવા કોણ યોગ્ય છે ? ગાંધારરાજ શકુનિ કહેશે ! એમ કહેવા માગો છો કે ? ઠીક છે ? 'મામા કહે.' પુજ્ય ગાંગેય ભીષ્મજી બિરાજે ત્યાં સેનાપતિ થવા બીજા કોણ યોગ્ય છે ?'' એમ મામા કહે છે કે ? મામા બરોબર કહે છે. ઠીક છે. : દાદાજીજ સેનાપતિ થાઓ. અમારી પણ એજ અભિલાષા છે.

દુર્યોધને પોતાની પાસેની અગિયાર અક્ષૌહિણી સેનાનો સેનાપતિ કોણ થાય તેની મંત્રણા કરવા માટે વૈકર્ણ, હર્ષદેવની સાથે મંત્રણાભવનમાં આવે છે અને દ્રોણાચાર્ય, ભીષ્મપિતામહ, માતુલ શકુનિનું અભિવાદન કરે છે. વિવિધ મંતવ્યો જાણી અને ભીષ્માપિતામહને સેનાપતિ થવા વિનવે છે. આટલોજ પ્રસંગ છે. તે માટે વૈકર્ણ, હર્ષદેવ, દ્રોણ, ભીષ્મ, શકુનિ અને બીજા અનેક ક્ષત્રિય રાજવીઓનો મંચ ઉપર પ્રવેશ કરાવવો એકાંકી જેવા સ્વરુપ માટે ઉચિત નથી અને એટલેજ ભાસે આ બધા પાત્રોનો સાક્ષાત પ્રવેશ ટાળી માત્ર દુર્યોધનની આકાશભાષિત પ્રકારની ઉકિતના વિનિયોગ ધ્વારા સમગ્ર દ્રશ્યને નાટ્યાત્મક બનાવ્યું છે.

## આત્મગત

આત્મગત'નું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

હૃદયસ્થં વચો યત્તુ તદાત્મગતમિષ્યતે ।

હ્રુદયના ભાવજ આત્મગત અથવા સ્વગત હોય છે. અનેક કારણોથી યુકત અને કાવ્યભાવથી સમુત્થિત હૃદયની વાણીને આત્મગત કહે છે. અતિ હર્ષ, મદ, ઉન્માદ રાગદ્વેષ, ભય, વિસ્મય, ક્રોધ, દુ:ખ-દર્દ્ર થવાથી પાત્ર જ્યારે પોતાના મનોભાવ એકાકી પ્રગટ કરવા ચાહે છે ત્યારે આત્મગત અથવા સ્વગત નામનું અભિનયશિલ્પ technique પ્રયોજાય છે. (અ.૨૬ શ્લોક ૮૭-૮૮) આ સ્વગત યોજના મુખરાગ ધ્વારા અથવા પાત્ર એક બાજુ ખસી જઈ પ્રેક્ષકો સમક્ષ રજુ કરે તે રીતે પ્રયોજાય છે.

એટલેજ ભરતમુનિ સ્પષ્ટપણે જણાવે છે કે નાટકમાં આત્મગત અથવા સ્વગતની યોજના વિતર્ક સાથે અર્થાત્ વિચારપૂર્વક થવી જોઇએ. (શ્લોક ૮૮)

ધનંજયે 'આત્મગત' માટે 'સ્વગત' શબ્દ પ્રયોજ્યો છે. તેને નાટ્યધર્મ દૃષ્ટિએ વસ્તુના વિભિન્ન અંગોમાંનું એક અંગ માન્યું છે. કથાવસ્તુનો જે અંશ બધાને સાંભળવા યોગ્ય હોય તે પ્રકાશ અને કેટલાકને જ સાંભળવા હોય તે 'સ્વગત' એવું લક્ષણ આપ્યું છે. (દ.રૂ. ૧/૬૪) 'પ્રકાશ એટલે 'સર્વશ્રાવ્ય' અને સ્વગત' એટલે સ્યાદ્શ્રાવ્ય.

સાહિત્યદર્પણકારે પણ 'સ્વગત' શબ્દ પ્રયોજ્યો છે અને તેને 'નાટયોક્તિ' ગણાવી છે. જે વાત સાંભળવા યોગ્ય ન હોય (અશ્રાવ્ય) તેને 'સ્વગત' કહે છે એવું તેમનું વિધાન છે. નાટકમાં જે ઉક્તિની સાથે 'સ્વગતમ્' લખેલું હોય તે પાત્ર પોતાના મનમાંજ કહે છે બીજા પાત્રને નહિ પણ બધા પ્રેક્ષકો સાંભળે તેમ.

નાટ્યદર્પણકાર વૃત્તની અભિવ્યક્તિના બે પ્રકાર ગણ્યા છે. અન્ય સર્વને બતાવવા યોગ્ય વૃત્ત અથવા વાત તે 'પ્રકાશમ્' અને કેવળ પોતાના હ્રદયમાં સ્થિત ગોપ્ય વાત સ્વગતમ્' . જે વાત અન્યથી છુપાવવા યોગ્ય હોવાથી પોતાના મનમાં રાખવાની હોય તેને 'સ્વગતમ્' કહે છે. ( ના.દ.૧/૧૦)

ભાવપ્રકાશન અનુસાર સૂચ્ય તથા દૃશ્ય વસ્તુનો અશ્રાવ્ય ભેદ તે સ્વગત. (૭/૩૫૦)

મોટા ભાગના આચાર્યોએ આત્મગત અથવા સ્વગતને અશ્રાવ્ય ઉક્તિ કહી છે અર્થાત્ નાટ્યપ્રયોગ સમયે આવી ઉક્તિ નાટકના અન્ય પાત્રોએ સાંભળવાનો હોતો નથી. નાટ્યદર્પણ પણ નાટ્યશાસ્ત્રને અનુસરી સ્વગતને 'પાત્રના હૃદયમાં સ્થિત ગોપ્ય વાતની' અભિવ્યક્તિ' કહી છે. ભાવપ્રકાશન અનુસાર નાટકનું પાત્ર, વિશ્વાસુ મિત્ર અને સ્વજનો નિકટસ્થ હોવા છતાં પોતાના મન સાથે વાત કરે તેને 'સ્વગત' નાટ્યોક્તિ કહી છે. 'રસાર્ણવ સુધાકર' અનુસાર સ્વગત-ઉક્તિ એવા પ્રકારની નાટ્યોક્તિ છે કે જે પાત્ર પોતેજ જાણતું હોય. આ પરથી સ્પષ્ટ થાય છે કે સ્વગત-ઉક્તિ, એવા પ્રકારનો ઉક્તિ છે કે જે પાત્રના મનને, તેના વિચારોને તેની લાગણીઓને વાચા આપે છે, છતાં કરે છે. ક્યારેક તે સંભાષણ દરમ્યાન

પણ ઉદ્ભવે છે અને પાત્રના અન્ય પાત્ર કે પરિસ્થિતિ પરત્વેના પોતાના પ્રતિભાવો - ખાનગી પ્રતિભાવો - પ્રેક્ષક સમક્ષ અન્ય પાત્રને જાણે ખબર ના હોય તેમ રજુ કરવા માટે સ્વગત-ઉક્તિ રુપે પરિણમે છે. પણ ઘણીવાર સ્વગત સ્વગતોક્તિ- soliloguy જેવું નાટ્યાત્મક સ્વરુપ ધારણ કરે છે અને પાત્રના આંતરદ્વંદ્વને, વિચાર અને લાગણીના તુમુલ યુધ્ધને સક્ષમ રીતે રજુ કરે છે. દા.ત. ભવભૂતિના 'ઉત્તરરામચરિત'માં આવતી રામની સ્વગતોક્તિઓ. જે સીતાનો નાશ થયો હોય એ સંજોગોમાં રામની હૃદયસ્થિતિ શી હોય તેની સચોટપણે અભિવ્યક્તિ સાધે છે.

રામ : આ તે ફરી વન દીઠું અહ આજ ક્યાંથી
પુર્વે જહીં સમય ખૂબ રહયાં, બનીને
અરણ્યકો વળી સ્વધર્મ-મચ્યાં ગૃહસ્થો,
સંસારના સુખ વિષેય થઈ રસજ્ઞ. ૨૨

તે એ જ સૌ ગિરિવરો, જહીં મોર ગૂંકે
આ એ જ મત્ત હરિણોની વનસ્થલીઓ.
જ્યાં મંજુ વંજુલ લતા, સરિતા તટોમાં,
ગાઢાં કદમ્બનિ ચુલદ્દુમથી લચેલા. ૨૩

પણે પેલી પંચવટી, જ્યાં લાંબો સમય નિવાસ કરવાને લીધે વિવિધ વિશ્રંભભર્યા વિલાસના સાક્ષી એવા પ્રદેશો છે અને જ્યાં પ્રિયાની પ્રિયસખી વાસન્તી નામે વનદેવતા છે રામને માથે આજે આ શું આવી પડ્યું !.....''

(ઉત્તરરામચરિત અંક (૨) અનુ:શ્રી ઉમાશંકર જોષી)

<u>આકાશવચન અને આત્મગત વચ્ચેનો તફાવત</u>

આકાશવચન અને આત્મગત બંને 'એકોક્તિઓ' છે કારણ કે તે એકજ પાત્ર ધ્વારા બોલાવામાં આવે છે પણ બંનેના સ્વરુપમાં તાત્વિક ભિન્નતા રહેલી છે. આકાશવચનમાં રંગમંચ ઉપર હાજર પાત્ર, રંગમંચ ઉપર ગેરહાજર પાત્ર સાથે કાલ્પનિક સંભાષણ રજુ કરે છે. જ્યારે આત્મગતમાં તો પાત્ર પોતાના મન સાથે પ્રેક્ષકો સાંભળી શકે તેવી રીતે વાત કરે છે. પાત્રના મનમાં ચાલતા દ્વંદ્વને પ્રગટ કરવા માટે, પાત્રના મનોભાવો કે સંવેદનાઓ વ્યક્ત

કરવા માટે, પોતાના મનની વાત કે જે તે પાત્ર અન્ય કોઇ પાત્રનેનના કહી શકે પણ પ્રેક્ષકોને કહેવી પડે તેવી વાત રજુ કરવા માટે નાટ્યકાર સ્વગતોક્તિ અથવા આત્મગત ઉક્તિનો વિનિયોગ કરે છે જ્યારે ક્ષુલ્લક માહિતી અથવા વાત કહેવા માટે પાત્ર પ્રવેશ કરાવવો નાટકના વસ્તુવિકાસની દૃષ્ટિએ અયોગ્ય જણાતાં એવો પ્રાપ્ત પ્રવેશ ટાળવા માટે નાટ્યકાર આકાશવચનનો વિનિયોગ કરે છે. એકજ પાત્ર ધ્વારા રજુ થતાં ભાણ પ્રકારના રુપકમાં પણ તેનોજ પ્રયોગ થાય છે. આમ આકાશવચન અને આત્મગત એકોક્તિ હોવી છતાં તેમાં સ્વરુપગત ભિન્નતા રહેલી છે.

## જનાન્તિક

ભરતમુનિના મત પ્રમાણે 'કાર્યવશ પ્રયોકતા પાત્ર પોતાના વક્તવ્યને એટલા પાત્રોનેજ કહે છે જે તે સાંભળવા અધિકારી છે, અન્ય પાર્શ્વગત પણ તેને સાંભળી શકતા નથી એવું સમજવામાં આવે છે. (શ્લોક ૮૯) જનાન્તિક શૈલીમાં વૃત્તનો કોઇ ગૂઢ અંશ પાત્રના કર્ણ પ્રદેશમાં અન્ય પાત્ર ધ્વારા સુચિત થાય છે પણ પૂર્વવૃત્તનું પુનઃકથન આ શૈલીમાં એવી રીતે પ્રયોજાય છે કે પુનઃઉક્તિ ન થાય. જનાન્તિકનો પ્રયોગ હાથને વ્યવહિત કરી ત્રિપતાકા શૈલીમાં થાય છે. (શ્લોક ૯૦-૯૧-૯૩)

ધનંજય જનાન્તિકને ક્રિયાવસ્તુના નાટ્યધર્મની દૃષ્ટિએ વિભિન્ન અંગોમાંના એક એવા 'નિયતશ્રાવ્ય'નો ભેદ ગણે છે. અનામિકા સિવાય બાકી ત્રણ આંગળીઓ વાળી બે પાત્રો વચ્ચેની ગુપ્ત વાતચીતને તેમણે 'જનાન્તિક' માની છે. (દશ.રુ.૧/૬૫)

સાહિત્યદર્પણકારે જનાન્તિકને 'નાટ્યોક્તિ' કહે છે. ત્રિપતાક કરી, બીજાને બાકાત રાખી વચ્ચે વચ્ચે જો બે વ્યક્તિઓ પરસ્પર વાતચીત કરે તો તેને જનાન્તિક કહે છે એવું તેમનું વિધાન છે. ( સા.દ. ૬/૧૩૮)

નાટ્યદર્પણકાર 'જનાન્તિક'ને વૃત્તની અભિવ્યક્તિનો એક પ્રકાર ગણાવી તેનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે ત્રિપતાક - અર્થાત્ જેમાં ત્રણ આંગળીઓ સીધી હોય તેવા પ્રકારના - હાથને વચમાં રાખી અન્યની સાથે વાર્તાલાપ કરવો તે જનાન્તિક. (ના.દ.૧/૧૧)

'ભાવપ્રકાશન' અનુસાર 'નિયતશ્રાવ્ય'નો નાટ્યધર્મની દૃષ્ટિએ બીજો ભેદ તે જનાન્તિક. અનામિકા સિવાયની બાકી ત્રણ આંગળીઓ વાળો બે વ્યક્તિઓની ગુપ્ત વાતચીતને જનાન્તિક કહે છે. (ભા.પ્ર. ૭/૨૫૧)

જનાન્તિક એ કોઇ વ્યક્તિને કાનમાં કહેવાની ખાનગી વાત છે. એક પાત્ર, બીજા પાત્રને, કોઇ ત્રીજા પાત્રની ખાનગી વાત કાનમાં કહે ત્યારે અથવા બે પાત્રો ખાનગી વાતચીત કરતા હોય અને તે ત્રીજા પાત્રને ન કહેવાની હોય કે જે રંગમંચ ઉપર હાજર હોય ત્યારે જે પાત્રને વાત ન સંભાળવવાની હોય તે પાત્ર તરફ ત્રિપતાક હસ્તની મુદ્રા ધ્વારા વ્યવધાન ઉભુ કરી કથન કરવામાં આવે તેને જનાન્તિક કહે છે.

કાલિદાસ કૃત માલવિકાગ્નિમિત્ર'માં જનાન્તિક'નો સુંદર વિનિયોગ થયો છે. બીજા અંકની શરુઆતમાં માલવિકાનો નૃત્ય પ્રયોગ જોવા માટે રાજા અગ્નિમિત્ર, રાણી ધારિણી, પરિવ્રાજિકા તથા વિદૂષક આસન ઉપર બેઠા છે. માલવિકાના નૃત્યપ્રયોગ વિષે ~~ઓરસા~~ ઘોષણા કરી આચાર્ય ગણદાસ વિરમે છે અને -

રાજા (જનાન્તિકમ્) મિત્ર ! નેપથ્યમાં રહેલી તે (માલવિકા)ને જોવા માટે ઉત્સુક બનેલું મારું નેત્ર અધીરાઇથી જાણે પડદો હટાવી દેવા પ્રયત્ન કરી રહયું છે.

વિદૂષક (જનાન્તિકમ્) અરે નયનમધુ આવી પહોચ્યું, પણ આજે મધમાખી પણ છે તેથી હવે સાવચેત થઇ જુઓ.

(જેના અંગોનું સૌષ્ઠવ આચાર્ય ગણદાસ ધ્યાનપૂર્વક નિહાળે છે તેવી માલવિકા પ્રવેશે છે.)

વિદૂષક (જનાન્તિકમ્) આપ જુઓ ! ખરેખર એની મધુરતા ચિત્ર કરતાં કાંઇ રીતે ઓછી નથી.

રાજા (જનાન્તિકમ્) મિત્ર ! ચિત્રમાં તેને જોઇ ત્યારે તેના સૌંદર્ય વિષે મારા હૃદયમાં શંકા હતી પણ હવે લાગે છે કે જેણે તેનું ચિત્ર દોર્યું છે તે (ચિત્રકાર) પુરતો એકાગ્ર ન હતો.

(માલવિકા રસને અનુરુપ અભિનય કરે છે.)

વિદૂષક (જનાન્તિકમ્) મિત્ર, ચતુષ્પદો દ્વારા એમણે તેમને પોતાની જાત જાણે સમર્પી દીધી.

રાજા (જનાન્તિકમ્) મિત્ર, મારું હૃદય પણ એમજ કહે છે તેણે ખરેખર - હે નાથ, આ વ્યકિતને (મને) અનુરાગવાળી જાણો - એ ગીતમાં પોતાના અંગોનો નિર્દેશ કરનારા શબ્દાનુસાર અભિનય કરતાં, ધારિણી નજીક હોવાથી પ્રણય પ્રગટ કરવાનો ઉપાય ન જોતાં સુકુમાર પ્રાર્થનાના બહાને જાણે કે મનેજ સંબોધન કર્યું.

આમ અહીં માલવિકાના સમગ્ર નૃત્યપ્રયોગ દરમ્યાન અગ્નિમિત્ર અને વિદૂષક વચ્ચે અનેક 'જનાન્તિક' પ્રયોજાય છે. આ તમામ જનાન્તિક ઉકિતઓ માલવિકા, તેનું સૌંદર્ય અને નૃત્યકળા, રાજાનું તેના તરફ વધતું જતું આકર્ષણ અને વિદૂષકનો ઉત્સાહપ્રેરક પ્રતિભાવ અને રાણીથી સાવધાન રહેવાની સલાહ સાથે સંકળાયેલી છે. આ સમગ્ર સંભાષણ જો કોઇ પાત્ર ન સાંભળવાનું હોય તો તે રાણી ધારિણી છે. અહીં પોતાની જનાન્તિક ઉકિત બોલતી વેળા વિદૂષક અને રાજા, રાણી ધારિણી તરફ ત્રિપતાક હસ્ત રાખશે અને એ રીતે પ્રેક્ષકોને, આ વાત ધારિણીના સાંભળવા માટે નથી તેનું સુચન કરશે.

<u>અપવારિતક</u>

ભરતમુનિ, નિગૂઢ ભાવથી સંયુકત વચનને અપવારિતક કહે છે. (શ્લોક ૮૯) તેમાં પાત્ર પોતાનું વકતવ્ય (રહસ્ય) એવી રીતે પ્રગટ કરે છે કે એજ પાત્ર તેને સાંભળી શકે છે જેના માટે તે પ્રયોજાયું હોય, અન્ય નહીં. અન્યોથી આ વકત્વયને અપવારિત કરી કહેવામાં આવે છે. (પાઠાન્તર પ્રમાણે) 'અપવારિતક'નો અભિનય 'ત્રિપતાક' હસ્તના વ્યવધાન દ્વારા કરવો જોઇએ એવો ભરતમુનિનો આગ્રહ છે. (શ્લોક ૯૩)

<u>ધનંજયે</u> 'અપવારિતક' ને અપવારિત કહી તેને નાટ્યધર્મની દૃષ્ટિએ વસ્તુનું એક અંગ માન્યું છે. વસ્તુમાં કેટલોક અંશ એવો હોય છે જે કોઇ વિશિષ્ટ વ્યકિતને સાંભળવા યોગ્ય હોય છે જેને નિયતશ્રાવ્ય કહે છે. તેનો એક ભેદ તે અપવારિત. પાસે વિધમાન પાત્રથી મુખ ફેરવી લઇ તેનાથી છુપાવીને તેના રહસ્યની વાત ઉપર કટાક્ષ કરવો તે અપવારિત એવો ધનંજયનો મત છે. (દશ.રુ. ૧/૬૬)

સાહિત્યદર્પણ પ્રમાણે અપવારિત એક પ્રકારની 'નાટ્યોક્તિ' છે. જે વાત એકથી છુપાવી બીજા પાત્રથી ફરી જઇને કહેવી હોય તેને અપવારિત કહે છે. રહસ્યં તુ યદન્યસ્ય પરાવૃત્ય પ્રકાશ્યતે । (સા.દ. ૬/૧૩૮)

નાટ્યદર્પણ અનુસાર અપવારિત વૃત્તની અભિવ્યક્તિનો એક ભેદ છે. જેમાં મુખ ફેરવી લઇ રહસ્યનું કથન કરવામાં આવે છે. શરીરને ગોળ ફેરવી જેને સંભળાવવાનુ ન હોય તેના તરફથી મુખ ફેરવી કોઇ બીજાને રહસ્યનું કથન કહેવું તે ઘણાથી છુપાવવાને કારણે ' અપવાર્યતે ઇતિ અપવારિતમ્ ' વ્યુત્પત્તિ અનુસાર અપવારિત કહેવાય છે.

(ના.દ. ૧/૧૦)

ભાવપ્રકાશનકાર ના મતે સુચ્ય તથા દૃશ્ય વસ્તુનો સીમિત લોકોએ સાંભળવા યોગ્ય અંશ તે નિયતશ્રાવ્ય. નાટ્યધર્મ પ્રમાણે નિયતશ્રાવ્યનો એક ભાગ તે અપવારિત જેમાં મુખને બીજી દિશામાં ફેરવી કોઇ પાત્ર બીજી વ્યક્તિની ગુપ્ત વાત કહે છે.

(ભા.પ્ર. ૭/૨૫૨)

રંગમંચ ઉપર ઘણાં પાત્રો હોય ત્યારે, એક પાત્ર બીજા પાત્રને રહસ્યની વાત કહેવા, અન્ય પાત્રોથી તેને અલગ પાડી, વાત કરે તેને અપવારિક કહે છે. અનેક પાત્રોથી છુપાવી એકજ પાત્રને રહસ્યની વાત કરવી તે અપવારિતક. ભરતમુનિ અનેક પાત્રોને, જે પાત્રને વાત કહેવાની છે તેનાથી અલગ પાડવા માટે 'ત્રિપતાક' હસ્તનો વિનિયોગ કરવાનું જણાવે છે. તો અન્ય આચાર્યો ના મતે 'પરાવૃત્ય' અર્થાત અનેક પાત્રોથી અથવા અન્ય પાત્રથી મુખ ફેરવવાની ચેષ્ટાનો વિનિયોગ કરવામાં આવે છે.

ભવભુતિએ, ઉત્તરરામચરિતના ચોથા અંકમાં 'અપવારિત' નો સુંદર નાટ્યાત્મક વિનિયોગ કર્યો છે. અરુંધતી, પોતે ભાગીરથી પાસેથી જાણેલા એ રહસ્યનું ઉદ્ઘાટન કરે છે કે લવ અને કુશ, સીતા તથા રામના પુત્રો છે.

અરુન્ધતી (અપવાર્ય, સહર્ષઉત્કંઠા) ભાગીરથીએ નિવેદિત કરેલું કર્ણામૃતસમું રહસ્ય તે આજ ત્યારે ! પણ તે બે આયુષ્યમાન કુશલવમાંથી આ કયો તે હું જાણતી નથી.

આ રહસ્ય, રંગમંચ ઉપર ઉપસ્થિત તમામ પાત્રોથી છુપાવીને પ્રગટ કરવામાં આવે છે, અને માત્ર નાટકના અંતેજ તેને અન્ય પાત્રો આગળ પ્રગટ કરવામાં આવે છે. અરુંધતીની આ 'રહસ્ય આખ્યા' માત્ર પ્રેક્ષકો માટેજ છે જેમને કથાવિકાસના આ તબક્કે વિશ્વાસમાં લેવામાં આવે છે. જો કે અહીં અન્ય પાત્રોથી મુખ ફેરવી પ્રેક્ષકોને રહસ્યની વાત કરવામાં આવી છે પણ સંસ્કૃત નાટ્ય સાહિત્યમાંથી એવા ઉદાહરણ પણ મળી આવે છે કે જેમાં અન્ય પાત્રથી છુપાવીને રહસ્યની વાત કોઇ ત્રીજા પાત્રને કરવામાં આવે છે જેમ કે 'માલવિકાઅગ્નિમિત્ર'માં ચોથા અંકમાં રાજા, ઇરાવતી, વિદૂષક વિગેરે પાત્રો રંગમંચ ઉપર છે. નિપુણિકા આવીને ઇરાવતીને ખાનગી વાત કહે છે, જે વિદૂષક અને રાજાએ તે વાત સંભળવવાની નથી તેથી નિપુણિકા, રાજા અને વિદૂષકથી મુખ ફેરવી લઇ (પરાવૃત્ય) અથવા ભરતમુનિ કહે છે તેમ ત્રિપતાક હસ્તનું વ્યવધાન ઊભું કરી રાણી ઇરાવતીને નિમ્નોકિત કહેશે.

નિપુણિકા (અપવાર્ય) રાણીબા, અચાનક મળી ગયેલી માધવિકાએ વાત કરી આ તે આ રીતે બનેલું (કાનમાં કહે છે.).

## અપવારિત તથા જનાન્તિક વચ્ચેનો ભેદ

અભિનવગુપ્તે કેટલાક આચાર્યોના મતને ટાંકતાં જણાવ્યું કે અપવારિતક તથા જનાન્તિક બંને રંગમંચ ઉપર ઉપસ્થિત પાત્રો માટે અશ્રાવ્યતાની દૃષ્ટિએ સમાન છે. કેટલાક આચાર્યોની દૃષ્ટિએ જે વૃત્ત એક વ્યકિત માટે ગોપનીય હોય અને અનેક વ્યકિતઓ માટે પ્રકાશ્ય હોય તે જનાન્તિક પણ જે વૃત્ત એક વ્યકિતને માટે પ્રકાશ્ય અને અનેકો માટે ગોપનીય હોય તો તેને અપવારિતક સમજવુ જોઇએ.

ભરતમુનિએ ત્રિપતાક હસ્તના વ્યવધાનનો પ્રયોગ જનાન્તિક તેમજ અપવારિતક બંને માટે યોજવા જણાવ્યું છે પણ ધનંજય, વિશ્વનાથ, રામચંદ્ર ગુણચંદ્ર, તથા શારદાતનયે ત્રિપતાકને કેવળ જનાન્તિકનુંજ લક્ષણ માન્યું છે. તેઓની દૃષ્ટિએ જનાન્તિકમાં ત્રિપતાક હસ્ત

પ્રયોજાય છે તો અપવારિતકમાં 'પરાવૃત્ય' અર્થાત મુખ ફેરવીને વાત કરવાની મુદ્દાનો વિનીયોગ થાય છે. સાહિત્યદર્પણકાર વિશ્વનાથ તો સ્પષ્ટપણે જણાવે છે કે જે વાત જેનાથી છુપાવવાની હોય તેની વચ્ચે ત્રિપતાક હાથ કરી અન્ય વ્યકિત સાથે વાતચીત કરવી તે જનાન્તિક અને મુખ ફેરવીને બીજા વ્યકિતથી ગુપ્ત વાત કહેવી / કરવી અપવારિતક કહેવાય છે. (સા.દ. ૬/૧૩૮ ) જો કે આ તમામ આચાર્યોએ એકથી છુપાવી બધાને કહેવાતા અંશને 'જનાન્તિક' અને બધાથી છુપાવી એકને કહેવાતા અંશને 'અપવારિતક' એ ભેદક લક્ષણને સ્વીકાર્યું છે.

"નાટ્યદર્પણ"માં અપવારિતક અને જનાન્તિક વચ્ચેના ભેદને અસંદિગ્ધ પણે નિરુપવામાં આવ્યો છે. 'જનાન્તિક' નો શબ્દાર્થજ બતાવે છે કે ઘણાં 'જનો'ની 'અન્તિક' અર્થાત્ સમીપ જે થાય તે 'જનાન્તિક' એટલે 'જનાન્તિક' રુપે કહેવામાં આવતી વાત એકજ વ્યકિતથી ગોપનીય અને અનેક જનો માટે શ્રાવ્ય હોવાને લીધે તેમની 'અન્તિક' અર્થાત્ 'નિકટ' હોવાથી 'જનાન્તિક' નામથી કહેવામાં આવે છે. આનાથી વિપરીત જે વાત અનેક જનોથી છુપાવી એકજ વ્યકિતને કહેવા યોગ્ય હોય તેને માટે 'અપવારિતક' પ્રયોજાય. આમ જનાન્તિક તથા અપવારિતક 'અશ્રાવ્યતા'ની દ્રષ્ટિએ સમાન હોવા છતાં એક બીજાથી વિપરીત છે.

પ્રશિષ્ટ સંસ્કૃત નાટ્યકારોએ પણ જનાન્તિક અને અપવારિત વચ્ચેના ભેદને સ્વીકારી તેનો નાટ્યક્ષમ વિનિયોગ કર્યો છે. જનાન્તિકના પ્રમાણમાં અપવારિતનો વિનિયોગ ઓછા પ્રમાણમાં થયો છે. જે ખરેખરા અર્થમાં 'ખાનગી વાત' હોય તેવા પ્રસંગોએજ અપવારિતનો વિનિયોગ કરવામાં આવ્યો છે. બે પાત્રની ખાનગી વાતચીત જે કદાચ ત્રીજુ પાત્ર કે અન્ય પાત્રો કે જે નિકટસ્થ હોય તે પણ અકસ્માતે સાંભળી શકે એવા પ્રસંગોએ જનાન્તિકનો અને જ્યાં ત્રીજું પાત્ર કે અન્ય પાત્રો અકસ્માતે પણ ન સાંભળે એવા પ્રસંગોએ અપવારિતનો વિનિયોગ નાટ્યકારોએ કર્યો છે. અહીં 'ખાનગી' શબ્દનો અર્થ કોઇ 'કથાવસ્તુ ( plot ) ગત રહસ્ય કે જેનું ઉદ્દ્ઘાટન નાટકના અંતે થાય તે નહી પણ અમુક

પાત્ર કે પાત્રોને ન સંભળાવવા લાયક ખાનગી વાત એવો કરવો જોઇએ. આવી ઉક્તિઓના મંચન સમયે પણ નાટ્યપ્રયોક્તા બંને ઉક્તિઓને ભિન્ન રીતે રજુ કરે છે, જનાન્તિકને ત્રિપતાક હસ્ત ધ્વારા અને અપવારિતકને પરાવૃત્ય ધ્વારા.

અને.....

ભરતમુનિએ આકાશવચન, જનાન્તિક તથા અપવારિત આ ત્રણે નાટ્યોક્તિને એકજ વર્ગમાં મૂકી છે કારણ કે આ ત્રણે ઉક્તિઓ ગૂઢાર્થયુક્ત હોય છે. જે થોડા સમય માટે પણ અન્ય પાત્રથી છુપાવીને રાખવાની હોય છે. આવી ગૂઢાર્થયુક્ત ઉક્તિઓના મંચન સંબંધી ચર્ચા કરતાં ભરતમુનિ એવું સુચન કરે છે કે ગૂઢાર્થયુક્ત વચનો પાત્રના કાનમાં 'આવી વાત છે' એમ કહી કહેવા જોઇએ -

ઇતિ ગૂઢાર્થયુક્તાનિ વચનાનીહ નાટકે
તાનિ કર્ણનિવેધાનિ એવ મિત્યભિધાય ચ ॥
(શ્લોક ૯૦)

પણ પાત્રના કાનમાં આ રીતે ગણગણવું માત્ર ભૂતકાળની ઘટના કે કથનના સંદર્ભમાજ તર્કસંગત નિવડી શકે. આવી ઘટના કે કથનથી પ્રેક્ષકો તો વાકેફ હોયજ એટલે પુનરાવર્તન ટાળવા માટેજ આવી વાત પાત્રના કાનમાં વાત કરવાનો ભરતમુનિએ નિર્દેશ કર્યો છે.

પૂર્વવૃત્તં તુ યતકાર્યં ભૂયઃ કથ્યં તુ તાક્ષણાત્
કર્ણ પ્રદેશે તદ્ વાચ્યં માગાત્તત્ પુનરુક્તતામ્ ॥
(શ્લોક ૯૧)

એટલા માટેજ ભરતમુનિ કહે છે કે આકાશવચન, જનાન્તિક આત્મગત જેવી નાટયોક્તિઓ નાટ્યવિધાનોનું ઉલ્લંઘન કરી રજુ કરવા ન જોઇએ. (અ-વ્યભિચારેણ) આ ઉક્તિઓ કોઇ પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ વ્યક્તિ સાથે અન્યોના અથવા પોતાના કાર્યથી સંબંધીત રહે છે. આ ત્રણે પ્રકારની ઉક્તિઓ રજુ કરતી વેળા અનુરૂપ

શારીરિક ચેષ્ટા તથા આંખના અને મસ્તકના નિયત હલનચલન પ્રયોજવા જોઈએ. અપવારિતક અને જનાન્તિકનો ત્રિપતાક હસ્તના વ્યવધાન દ્વારા અભિનય કરવો જોઈએ.

અવ્યભિચારેણ પઠેદાકાશજનાન્તિકાત્મગત - પાઠ્યાન્ ।
પ્રત્યક્ષ - પરોક્ષકૃતાનાત્મ સમુત્થાન પરકૃતાંચ ॥
હસ્તમન્તરિતંકૃત્વા ત્રિપતાકં પ્રયોક્તૃભિ: ।
જનાન્તિકં પ્રયોક્તવ્યમપવારિતકં તથા ॥

(શ્લોક ૯૨-૯૩)

આમ ભરતમુનિએ આ વિભિન્ન નાટ્યોક્તિઓનું મંચન નાટ્યધર્મથી યુક્ત માન્યું છે.